સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

લોકશાહીનો બૂરખો ઓઢી મુખત્યારી સંતાય છે,
કાયદા, મંદિરની સમસ્યામાં ઝીણું કંતાય છે.
રંધાય નાગપુરમાં સોડમ ફેલાય દેશમાં -
થાય પ્રયત્નો વિકલ્પના જો હેતુથી ફંટાય છે...
(રોબોટનો વિકલ્પ તૈયાર છે ?)

હાઈકુ

નિવેદનોથી,
ફટકારે ચાબૂક -
ખંચે લગામ !!

છે રમકડાં,
દોડે રૂઆબથી -
ચાવી દીધેલાં...

(નાગપુરની નાગચૂડમાં - પક્ષ)

ચિંતન

અનુવ્રતઃ પિતુઃ પુત્રો માત્રા ભવત સંમનાઃ ।
જાયા પ્રત્યે મધુમતીં વાચં વદતુ શન્તિવામ્ ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

આદર્શ ઘરસંસારમાં સંતાનો માતાપિતાનાં આજ્ઞાંકિત હોય છે. માતાપિતા સંતાનોનાં હિતેચ્છુ હોય છે. પતિ અને પત્નીના પારસ્પરીક સંબંધો મીઠાશભર્યા અને સુખદ હોય છે. આવા જ કુટુંબો હંમેશા ફૂલેફાલે છે અને સુખી રહે છે. જો બ્રહ્મચર્યાશ્રમ જીવનનો આધાર છે, તો ગૃહસ્થાશ્રમ તે આધાર પર રચાયેલું એક સુંદર ભવન છે. ગૃહસ્થાશ્રમની પોતાની મહત્તા અને ઉપયોગીતા છે. ગૃહસ્થાશ્રમમાં ત્યાગની ભાવના વધુ બળવાન થાય છે. કુટુંબમાં બધા સભ્યો એકબીજા પ્રત્યે સ્નેહ અને સહકારનો ભાવ રાખીનેપોતે કષ્ટ વેઠે છે. સ્ત્રીના ત્યાગની તો વાત વસ્તુ છે. તે જેના પર આરોપિત થઈ જાય છે તેને પરમ પ્રિય બનાવી દે છે.

'પોતાના માટે કંઈ પણ નહિ, સાથી ના માટે સર્વ કંઈ' આવી ભાવના વિચારનારા માણસ પોતે જ પોતાની દુર્બળતાઓ અને ખામીઓને સહજ રીતે સુધારી લે છે અને જીવનસાથી ને કોઈ પણ તકલીફ પડવા દેતો નથી.

આ જ દાંપત્યજીવનની આધ્યાત્મિકતા છે.

સુવિચાર

- ના જાને કૌનસી સાઝિશોં કા હમ શિકાર હો ગયે...
  જિનતા દિલ સાફ રક્ખા ઉતને હી હમ દાગદાર હો ગયે.... - **હસરત જયપુરી**
- આપોઆપ ઊઠી ભલા, એક કહે રામ ને એક કહે અલ્લા - **અખો**
- ભૂલા પડવું એ અપરાધ નથી, પણ જાણ્યા પછી અજાણ્યા નિર્દોષ ભોળા માણસોને ભૂલા પાડવા તે અપરાધ છે - **સ્વામી સચ્ચિદાનંદ**
- ભય સારો પણ ભયની અટકળો બૂરી - **અખંડ આનંદ**
- છલકાયા વિના સભર રહેવું એ ઐશ્વરયને જાળવવાનો રસ્તો છે - **કન્ફુશિયસ**
- ચિંતા ચતુરોને જ થતી હોય છે, અચુતરો ને ભવિષ્ય દેખાતું જ નથી હોતું એટલે મસ્તીનો આનંદ માણતા હોય છે - **અનામી**
- આજનું ઔષધ : કપૂરની સાથે ઘી મેળવી તેમાં તલ પીસીને તે પેસ્ટ દાઝવાની જગ્યા પર લગાડવાથી બળતરા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

વૈદ્યરાજ ગામથી દૂર આશ્રમ બનાવી ગરીબોની તથા સ્ત્રીઓની સેવા કરતા. તેમની ઔષધીથી સૌને ફાયદો થતો જેથી આશ્રમ કાયમી ભરેલો રહેતો. એકવાર એક જ રોગથી પીડિત એવા બે દર્દી એમની પાસે ઉપચાર માટે આવ્યા. તે માનો એક નગરશેઠનો પુત્ર હતો અને બીજો સામાન્ય ખેડૂતનો પુત્ર હતો. વૈદ્યરાજે બંનેની તપાસકરી લોહીના વિકાસનું નિદાન કર્યું. નગરશેઠના પુત્રના ઈલાજ માટે વૈદ્યરાજે દસ સોના મહોર થશે એવું ઠરાવ્યું. વૈદ્યરાજની વાત સાંભળી ખેડૂત તો ગભરાઈ ગયો તેણે કહ્યું, 'મારી પાસે તો સોનામહોરો નથી; હું તો સામાન્ય ખેડૂત છું.' વૈદ્યરાજે ખેડૂતને કહ્યું, 'દસ સોના મહોર ન આપી શકો તો વાંધો નહીં પણ તેના બદલામાં તમે આવતા છ મહિના સુધી આશ્રમમાં મદદ કરવાની રહેશે. બોલો મંજૂર છે?' ખેડૂતે હા પાડી, પણ નગરશેઠે પૂછ્યું, 'વૈદ્યરાજ, આ ખેડૂત પુત્રની સારવાર વિના મૂલ્યે અને મારે દસ સોના મહોર આપવાની આ કેવો ન્યાય ?' વૈદ્યરાજે સ્પષ્ટ કરતાં કહ્યું, 'જુઓ મારે મન બંને રોગી સમાન છે. મેં ફક્ત ચિકિત્સાની દૃષ્ટિએ મૂલ્ય કહ્યું છે. મૂલ્ય તો સમાન છે પણ તમારા બંનેની ક્ષમતા ભિન્ન છે. મેં એ પ્રમાણે રકમ માંગમી છે. તમારી પાસે ધન છે કે જેનાથી હું આશ્રમમાં ઔષધિ મગાવી શકું અને આશ્રમનો ખર્ચ કાઢું છું, પણ ગરીબ ખેડૂત પાસે પૈસા નથી પણ એ સેવા કરી શકે તેમ છે, આથી તેની સ્સેવા સુષુશ્રાનો દર્દીઓને લાભ થશે, આમ આશ્રમને સંપત્તિ અને સેવા બંનેની જરૂર છે. બેમાંથી એક અપૂરતું ગણાય.' નગરશેઠને વૈદ્યરાજના ચિકિત્સા-મૂલ્યનો ભેદ સમજાયો.

અડવાણીની એકઝીટ... અમિત શાહની એન્ટ્રી

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટીમાં પુરાયેલી ત્રિપુટી એટલે અટલ બિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોષી. વાજપેયીને પાર્ટીના ચહેરા તરીકે આગળ ધરી ખરો પુરુષાર્થ અડવાણી કરતા રહ્યા. મુરલી મનોહર જોષી ઉત્તરપ્રદેશના હિંદી હાર્ટલેન્ડના સુશિક્ષિત અગ્રણી-અલ્હાબાદ યુનિવર્સિટીમાં ભૌતિક શાસ્ત્રના પ્રોફેસર, પણ એમનું વજૂદ મર્યાદિત. હિંદુત્વના પ્રતીકપુરુષ તરીકે અને પાર્ટીના વાસ્તવિક ચહેરા તરીકે મૂળે પાકિસ્તાનથી જીવ બચાવીને ગુજરાતના કચ્છ જિલ્લામાં સ્થાયી થયેલા અને પછી દેશભરમાં જાણઈતા થયેલા 'લાલજી' એ છેક તળિયે બેસી ગયેલી પાર્ટીને હરક્યુલિસની જેમ પોતાની પીઠ પર ઊંચકી સત્તાસ્થાને પહોંચાડી હતી. લાલકૃષ્ણ અડવામી પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ચારે હાથ હતા અને વાજપેયીની વધુ પડતી ઉદાર રાજનીતિ સામે એમને આડા કરવાની એક પ્રજા જ પડી ગઈ હતી. વાજપેયીને માત્ર એમના વ્યક્તિત્વ અને લોકપ્રિયતાના જોર પર પાર્ટીના સર્વોચ્ચ નેતા ગણાવાતા રહ્યા. હકીકતમાં સર્વોચ્ચ નેતા તો અડવાણી હતા જેમનો પડ્યો બોલ ઝિલાતો હતો. ગુજરાતમાં સત્તાપલટો થયો ત્યારે કેશુભાઈ પટેલના સ્થાન પર સિનિયોરિટીના જોર પર કાશીરામ રાણા દાવેદાર હતા. વાજપેયીની ગુડબુકમાં પણ હતા. પરંતુ વિચક્ષણ રાજપુરુષ લાલકૃષ્ણ અડવાણીએ એમના લાડકા પ્રિય શિષ્ય નરેન્દ્ર મોદીના નામ પર મહોર મારી. મોદી માટે આ ઊજળા ભવિષ્યનું મંગળાચરણ બની રહ્યું. ગુજરાતમાં રહી એમણે 'વિકાસપુરુષ'ની છાપ ઊભી કરી અને પછી તો સીધ વડાપ્રધાનપદના જ દાવેદાર બની ગયા. અડવાણીનું સપનું એક વાર વડાપ્રધાન બનવાનું હતું જે એમના પ્રિય શિષ્યના હાથે જ રોળાઈ ગયું. અડવાણી અગાઉ દિલ્હીની બેઠક પરથી પણ વિજયી થયેલા, પરંતુ એમણે ગાંધીનગરની બેઠક સાચવી હતી અને દિલ્હીની બેઠક પરથી રાજીનામું આપ્યું હતું. ગાંધીનગરની સલામત બેઠક પર માત્ર ઉમેદવારી પત્ર ભરવા આવ્યા પછી એમની જીત પાકી થઈ જતી. અમિત શાહ સહિતના સંનિષ્ઠ કાર્યકર્તાઓ બધી જવાબદારી સંભાળી લેતા. અમદાવાદમાં કોમી રમખાણોના પગલે હિંદુ બહુમતીનું ધ્રુવીકરણ થતું હોઈ ગાંધીનગરની બેઠક ભાજપ માટે સૌથી સલામત બેઠકો પૈકીની એક ગણાતી રહી છે. ગત ચૂંટણી વખતે અડવાણીએ ગાંધીનગર કરતાં ભોપાલની બેઠક પર ચૂંટણી લડવાનું વિચારેલું પરંતુ મોદી માન્યા નહોતા. એમને ધરાર ગાંધીનગરની બેઠક પરથી ચૂંટણી લડવી પડી હતી અને છેક છેલ્લે સુધી એમને પાર્ટી વર્તુળો પ્રત્યે જ શંકા-કુશંકા રહ્યા કરી હતી. આ વખતે એમની જગ્યાએ ગાંધીનગર બેઠક અમિત શાહને ફાળવી દેવાઈ છે. અડવાણીને મોદી શાસનકાળમા ંપાંચ વર્ષ દરમિયાન માત્ર માર્ગદર્શન મંડળના સભ્ય તરીકે ચૂપચાપ બેસાડી રાખવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ પદની તક પણ તેઓને દેખીતાં કારણોસર ન અપાઈ. આથી નારાજ અડવાણીની સ્થિતિ મહાભારતના મહાનાયક ભીષ્મ પિતામહ જેવી થવા પામી છે. અમિત શાહ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ છે. વળી તેઓ રાજયસભાના સદસ્ય પણ છે. બની શકે કે ચૂંટણી પછી અડવાણી માટે રાજયસભાના દરવાજા ખુલ્લા થાય. પરંતુ એટલું નક્કી કે હવે પાર્ટી માટે તેઓ ગોબરના ગણેશ બની ચૂક્યા છે. સમય કેવા કેવા ખેલ બતાવે છે એની એમને પ્રતીતિ થઈ જ ચૂકી હશે. જો કે પ્રજાને તો અડવઆણીને ટિકિટ ન અપાી તે ગમ્યું જ છે. વારંવાર સાંસદ બન્યા છતાં અડવાણીના નામે યાદગાર ગણાય એવું કોઈ કામ એમના સંસદીય વિસ્તારમાં બોલતું નથી. અમિત શાહ પાસે મતદાતાઓને મોટી અપેક્ષાઓ રહેશે. પાર્ટી પુનઃ સત્તા પર આવશે તો ગુજરાતને અમિત શાહના સ્વરુપમાં એક કાર્યદક્ષ પ્રતિનિધિ મળી રહેશે એમાં શંકાને સ્થાન નથી.

ભોજનની નવી પદ્ધતિ

તન દુરસ્તી
મહેન્દ્ર ગજજર
ડો. દિનેશ રાઠોડ

ગયા અંકમાં થોડી આછી ચર્ચા કહી એમાં આપણે એમ કહ્યું છે દવા વગરની દુનિયા. થોડાક મિત્રોના ફોન આવ્યા કે ભાઈ જરા હોંશમાં રહો દવા વગર તો કોઈ જીવન થઈ શકે ખરેખર તો એ સાચી વાત છે જીવન એવી રીતે જીવવું જોઈએ જેનાથી શરીરની દવાની જરૂર જ ના પડે પણ અમુક રોગ એવા હો છે કે જેમાં દવાની જરૂર અનિવાર્ય હોય છે. એણાં ઘણા લોકો કુદરતી ઉપચારમાં માનતા હોય છે અને અમુક લોકો મેડિકલ સાયન્સમાં માનતા હોય છે લોકો ઓછામાં ઓછું શરીરને નુકશાન થાય એવી દેવાઓ પસંદ કરતા હોવાની વાત સાચી છે પણ નુકશાન જ વાત કરીએ અથવા દવા વાત કરીએ જેમાં એક વાત નક્કી છે કે બે ખરાબ વાતમાંથી એક ખરાબ વાત પસંદ કરવાની હોય છે કાં તો રોગ મટાડવો પડે કાં તો દવા ખાવી પડે.

દવા ખાવ તો જ રોગ મટે.

અમારા પરમ મિત્ર ઘણી વાર કે છે શરીરમાં નખાતી કોઈ પણ ચીજ એટલે કે દાળભાત રોટલી પણ લઈ લો એની સાઈડ ઈફેક્ટ હોય છે. એટલે શું આપણે ભોજન લેવાનું બંદ કરી દઈશું ? એટલે કહેવાનું તાત્પર્ય એટલું છે કે શરીરમાં કોઈ પણ પ્રકારની વસ્તુ નાખવામાં આવે તો શરીર એનું રિએક્શન આપે છે એ સાચું હોય છે કે કોટું હોય. શરીરને ટકાવવા માટે ખોરાકની જરૂર છે. એમાં પણ બે ભાગ કાઢી શકાય. શાકાહારી અને માંસાહારી. શાકાહારી ખોરાક ખાવાથી શરીરમાં જોઈએ એટલી કેલેરી અથવા શક્તિ મળી રહે છે. એવું ઋષિમુનિઓ કહી ગયા છે અને લખી ગયા છે કે શરીરના વિકાસ માટે ખોરાક લેવો જોઈએ અને એ શાકાહારી જ લેવો જોઈએ. જયારે માંસાહારી ખોરાક દુનિયાના ઘણા બધા દેશોમાં લેવાતો હોય છે. એ લોકો એવું માનતા હોય છે કે માંસાહારી ખોરાકમાં કેલેરી એટલે કે શક્તિ વધારે રહેલી હોય છે.

શાકાહારી ખોરાક કરતાં માંસાહારીમાં ખોરાકની સાઈડ ઈફેક્ટ વધારે હોય છે. જો કે શાકાહારી ખોરાક કરતાં માંસાહારી ખોરાકમાં કેલેરી વધારે રહેલી હોય છે.જે સત્ય છે. જેમાં આયર્ન, પ્રોટીન વધારે રહેલા હોય છે.

આયર્ન એટલે હીમોગ્લોબીન જેમાં વિટામીન જેવા કે બી-૧૨, વિટામીન-ડી, ફોલિક એસિડ અને પ્રોટીન એ વધારે માત્રામાં હોય છે. જેનાથી તંદુરસ્ત શરીર માટે જે જરૂરી તત્ત્વો છે તે સહેલાઈથી શરીરને મળી રહે છે. તો સવાલ એ થાય કે જો માંસાહાર ખોરાક આટલો જ લેવો શરીરને અનુકૂળ હોય તો બધાએ માંસાહાર ખોરાક લેવો જ જોઈએ.

(ક્રમશઃ)

શું ન.મો. કરશે નવા ભારતનું નિર્માણ?

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

વિશ્વની અનેક પ્રાચીન સંસ્કૃતિઓ પૈકી ભારતવર્ષની પવિત્રભૂમિ પર પાંગરેલી પૌરાણિક સંસ્કૃતિ સૌથી પ્રાચીન અને પ્રામાણિક છે. પરંતુ વિદેશી આકાંતાઓના આક્રમણોને લીધે ભારતના ટૂકડા થતા ગયા અને આજે રહી ગયું એક સાવ નાનું ભારત. આજના ભારતને પણ અનેક મોગલો, અંગ્રેજો અને મુશ્લિમ રાજાઓએ સતત લૂંટ્યું છે. આઝાદીની જંગ વખતે સૌને એમ હતું કે આઝાદી પછી ભારત ફરીથી સોને કી ચિડિયા બનશે. રામરાજ આવશે. પરંતુ ભારત – પાકના ભાગલા, કોમી રમખાણો, હત્યાઓ, નફરતની આંધીઓએ ભારતીય પ્રજાની કમર તોડી નાખી. વળી છેલ્લા ૭૦ વર્ષથી અહીં પાંગરેલી વિષયૂક્ત રાજનીતિ, ભ્રષ્ટાચાર, જાતિવાદ, ધાર્મિક કટ્ટરતા, આતંકી ઘટનાઓને કારણે આ દેશની ધરા હંમેશાં રક્તવર્ણી જ રહી છે.

વર્ષ – ૨૦૧૪થી ભારત દેશનો ઈતિહાસ કલમ અને કરવટ બદલે છે. ૨૮૨ સીટોની પૂર્ણ બહુમતિ લઈને નરેંદ્ર મોદી સૌ પ્રથમ વાર દેશના વડાપ્રધાન બને છે. એ સમયે દેશની રાજનીતિના ઊંડા મહાસાગરમાં અનેક ભયાનક મગરમચ્છો હતા. બધાને હતું કે આ મગરમચ્છો મોદીને વધુ સમય સત્તા ઉપર ટકવા નહી દે, અથવા છેલ્લા ૬૦-૬૦ વર્ષથી દેશની સ્થિતિ નથી સુધરી તો આ મોદી શું કરશે ? પરંતુ પરિસ્થિતિ સામે નમે તો એ ન.મો. નહીં. આ ન.મો.ની એક ખાસિયત છે કે વિરોધીઓ દ્વારા આચરવામાં આવેલી, કહેવામાં આવેલી નેગેટિવ વાત કે ઘટનામાંથી પણ પોઝિટિવ પરિણામ મેળવવું. વિપક્ષોના વિરોધમાંથી જ ન.મો. મુદ્દાઓ ઉઠાવીને એને પ્રજા સમક્ષ પોઝિટિવ રીતે મૂકીને વિપક્ષોને ખૂલ્લા કરે છે. અને જરૂર પડે તો જાહેરમાં દુશ્મનોને ધમકાવતા આંખના ડોળા કાઢીને ટી.વી.પર કહે છે કે 'એક એક આતંકીઓ કો ઉનકે ઘર મે ઘૂસકર મારેંગે ''. ઈંદિરા ગાંધી પછી આવી હિંમત એકેય ભારતીય વડાપ્રધાને બતાવી નહોતી.

આ ૨૧મી સદીનું બદલાતું ભારત છે. એક સમય હતો કે જ્યારે અમદાવાદ, મુબંઈ, દિલ્હી, જેવા શહેરો ખૂબ વિશાળ લાગતા હતા. જ્યારે આજે વિશ્વ આખું આવ નાની મૂઠ્ઠીમાં સમાઈ ગયું છે. નવી ટેકનોલોજી અને વિજ્ઞાને વિશ્વને એક નાનું ગ્લોબલ ગામડું બનાવી દીધું છે. વિશ્વના અનેક નાના નાના દેશોની પ્રગતિ અને વિકાસ આપણે જોઈએ છીએ પરંતુ આ બધાની વચ્ચે ભારત ક્યાં ? એ પ્રશ્નનો જવાબ ૨૦૧૪ પહેલા કોઈને મળતો નહોતો. મોદી સરકાર બની અને વિશ્વ સાથે ભારત કદમ મિલાવવા લાગ્યું.નવી સરકારના આરંભે ન.મો.ની અનેક વિદેશયાત્રાઓ આર.ટી.આઈ. ચર્ચા અને મીડિયાનો ભોગ બની છે. પરંતુ એક સત્ય એ પણ છે કે જ્યારે કોઈ મોટી વાત આપણી સમજણમાં ના આવે ત્યારે સમજવું જોઈએ કે એ વાત કે ઘટનાના પરિણામો દૂરગામી હશે. ૨૦૦૯માં મસૂદ અઝહરને આતંકી ઘોષિત કરવામાં ભારત એકલું હતું જ્યારે ન.મો.ની વૈશ્વિક યાત્રાના પરિણામ સ્વરૂપ ૨૦૧૯માં મસૂદને વૈશ્વિક આતંકવાદી ઘોષિત કરવામાં ભારત સાથે અનેક મોટી મહસત્તાઓ છે.

હવે ચૂંટણીના નગારા ગાજવા શરું થઈ ગયા છે. ચારે તરફ એક જ ચર્ચા છે કે આ વખતે શું થશે ? પણ આમ જોઈએ તો આવી ચર્ચાનો કોઈ મતલબ જ નથી કેમ કે પ્રજાનો ફેસલો આ વખતે એક પક્ષીય જ છે. ન. મો. તરફી. એમાં કોઈ બેમત નથી. આ વખતે ન.મો. માટે વન વે જેવું જ છે. પ્રિયંકાનો જાદું પણ એટલો બધો નહી ચાલે. કેમ કે આખો દેશ ઈચ્છે છે કે હજીયે બીજા પાંચ – દસ વર્ષ ન.મો. જ વડાપ્રધાન બને. પરંતુ એક વાત વિચારવા જેવી છે કે કે વર્ષ – ૨૦૧૪માં ન.મો.ની જે લોકપ્રિયતા હતી તે માત્ર પરિવર્તનની આંધી હતી. પ્રજા ''મૌનીબાબા''થી, પરિવારવાદથી કંટાળી ગઈ હતી. અને એમાં ન.મો.ની લોકપ્રિયતા .... બધું ભેગું થયું ને પ્રજાએ ન.મો.ને ૨૮૨ના આંકડે પહોંચાડી દીધા. પણ હવે વર્ષ – ૨૦૧૯માં ન.મો.ની લોકપ્રિયતા જુદી છે. આ પાંચ વર્ષ પ્રજાએ ન.મો.ની કાર્યપદ્ધતિ જોઈ છે અનુભવી છે. ન.મો.એ નોટબંધી, જી.એસ.ટી. જેવા ખૂબ જ અઘરા અને કડક નિર્ણયો કરીને દેશના અર્થતંત્રને યોગ્ય રસ્તે વાળવાનો પ્રયાસ કર્યો છે. જેના કારણે ઈ.સ. ૧૯૯૧થી ૨૦૧૪ સુધી જીડીપી ગ્રોથ હતો તેનાથી વર્ષ – ૨૦૧૪થી ૨૦૧૯ ના પાંચ જ વર્ષમાં સૌથી વધુ તેજ ગતિથી ઉપર રહ્યો છે. મોંઘવારી ઘટી છે. રેલવે, સડક, મકાન, વીજળી, જેવી પ્રજાકીય જરૂરિયાતો આસાનીથી પૂર્ણ કરવામાં આવી છે. ઓપ્ટીકલ ફાઈબર નેટવર્ક વધાર્યું છે. ગરીબો, દલીતો, વંચિતો. આદિવાસીઓને સિસ્ટમ સાથે જોડ્યા છે. ભારતમાં પ્રથમવાર દિવ્યાંગો માટે વિચારાયું છે. આમ આવા અનેક નીચેના સ્તર સુધી કાર્યો થયા છે. અગાઉની સરકારોએ કાયદા જરૂર બનાવ્યા હતા. યોજનાઓ જરૂર બનાવી હતી, જાહેરાતો પણ કરી હતી પરંતુ એનો અમલ થતો જ નહોતો. જે આ પાંચ વર્ષમાં થતો ગયો છે. બેનામ સંપતિનો કાયદો હતો પરંતુ એનો સાચો અમલ મોદી સરકારે કર્યો છે. આમ દેશની આંતરિક આર્થિક બગડતી જતી પરિસ્થિતિને કાબૂમાં લઈને મુખ્ય પ્રવાહમાં લાવે એને વિકાસના માર્ગે ચડાવી છે.

એક સમય માટે વિચારી લઈએ કે ૨૦૧૯માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન નહીં. તો તેમના વિકલ્પમાં કોને મુકી શકાય ? જે વ્યક્તિને એ ખબર નથી કે બટાટા જમીનની અંદર ઊગે કે ઝાડ ઉપર ? એને રાષ્ટ્રનો વહિવટ કેમ સોંપાય ? તો પછી મુલાયમ, લાલુ, ,માયાવતી, મમતા કે અખિલેશ કે પ્રિયંકા કે કેજરીવાલ ? પરિવારને બાદ કરતા આમાંથી મોટાભાગના રાજનીતિમાં પ્રવેશ્યા ત્યારે તેમની પાસે પોતાની સાયકલ પણ નહોતી અને આજે અરબો – ખરબોની મિલકત દેશમાં અને વિદેશમાં ધરાવે છે. એમની એક સો પેઢી બેઠા બેઠા ખાય તો પણ ખૂંટે નહીં એટલું ધન દેશને લૂંટીને ભેગું કરી લીધું છે. જેમના સંતાનો સરકારી શાળામાં પણ ભણી શકે એવા નહોતા તેઓના સંતાનો આજે વિદેશોમાં મોટી મોટી કંપનીઓના માલિક બની બેઠા છે. આવા તત્વો જો દેશની ધૂરા સંભાળશે તો પરિણામ શું આવશે ? એ પણ વિચારવું જોઈએ. ૨૦૦૫માં એ વખતના તત્કાલીન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવાલની ગિરફતારી કરીને આતંકી દાઉદને બચાવવાનું કૃત્ય કરનાર જો દેશના વડાપ્રધાન બને તો ?? મસૂદ, હાફિઝ, દાઉદ, જેવા આતંકીઓ ભારતમાં પણ ખૂલ્લેઆમ આવીને હત્યાઓ કરીને, લૂંટીને એશ કરશે પ્રજા જોતી રહેશે. એ દિવસો પણ આવી શકે છે.

આ ચૂંટણીમાં માત્ર અને માત્ર મોદીને હરાવવા તમામ વિરોધીઓ ભેગા થયા છે. આજથી ૨૪૦૦ વર્ષ પહેલા ચાણક્યએ કહ્યું હતું કે જ્યારે કોઈ પણ રાષ્ટ્રના રાજાને મારવા રાષ્ટ્રના તમામ વિરોધીઓ મળી જાય ત્યારે સમજવું કે રાજા કોઈ સારું કામ કરી રહ્યો છે. રાષ્ટ્રહિતનું કામ કરી રહ્યો છે. આજે પણ આવું જ થયું છે. જેઓ ૨૦૧૪ની ચૂંટણીમાં એકબીજાને ગાળો આપતા હતા તેઓ આજે સૌ એકસાથે ચૂંટણી લડી રહ્યા છે. અને ન.મો. વિરોધમાં પ્રચાર કરી રહ્યા છે કે ૧૫ લાખ રૂપિયા ના દીધા, રામમંદિર ના બન્યું, ૩૭૦ની કલમ ના હટી, પણ જે કામ ૬૦/૭૦ વર્ષમાં નથી થઈ શક્યું તે કામ પાંચ વર્ષમાં કેમ થાય ? હજી બીજા પાંચ દસ વર્ષ જુઓ...મોટા અને અઘરા કાર્યો માટે થોડો સમય પણ જોઈએ.

આ નવા ભારતના નિર્માણનો સમય છે. ન.મો. હજી દસ વર્ષ વડાપ્રધાન પદ ઉપર રહેવા જોઈએ. તો જ ભારતનું ભાવિ ઉજ્જવળ છે. કેમ કે આ પાંચ વર્ષ પ્રાથમિક જરૂરિયાતો ઉપર ધ્યાન અપાયું છે. હવેનાં પાંચ વર્ષ દેશની આતંકવાદ જેવી સમસ્યાઓ, ભ્રષ્ટાચાર જેવા પ્રશ્નો દૂ કરશે. ૩૭૦/૩૫એ જેવી કલમો દૂર કરશે, આ ઉપરાંત નવી રોજગારીની તકો ઊભી કરશે. દેશનો સર્વાંગી વિકાસ કરશે, અને પછીના પાંચ વર્ષમાં ભારતને મહાસત્તા બનતા કોઈ નહીં રોકી શકે.

9426060601.india@gmail.com

આઈપીએલ અને વર્લ્ડકપ : આર યુ રેડીઈઈઈઈઈઈઈઈઈ!

રગળપાટ
અજય ઉપાધ્યાય

એકબાજુ રાજકારણીઓ ક્લીન સ્વીપ અને સિકસર-બાઉન્ડ્રીસ ફટકારવા તૈયાર છે ત્યારે બીજી બાજુ ભારત અને વિશ્વ બીજી એક રોમાંચક ફટકાબાઝી માટે તૈયાર છે. આ લેખ તમે વાંચતા હશો ત્યાં સુધીમાં વિશ્વની લોકપ્રિય ફટાફટ ક્રિકેટની આવૃત્તિ યાની કી આઈપીએલ ની ૨૦૧૯ ની સીઝનનો પ્રારંભ થઈ ચુક્યો હશે અને પહેલા જ હાઈ-વોલ્ટેજ મુકાબલામાં ધોની અને કોહલી ટકરાઈ ચુક્યા હશે...! જસ્ટ થીંક ધ કલેશ યાર... ધોનીની સામે કોહલી...એકરીતે તો સુપ્રમસીનો જ મુકાબલો કહેવાય ને...? આઈપીએલની આ જ તો મજા છે કે એક જ ટીમના બે મેમ્બર્સની એકબીજાની સામેની ભીડંત જોવાની જલસો જ પડી જાય...! અને ચાહકો પણ કમ્બાઈનથી છુટા પડીને ઈન્ડીવિડ્યુંલ ચાહકોમાં ફેરવાઈ જાય.....ધોનીઈઈઈઈઈ ધોનીઈઈઈઈઈ કે કોહલીઈઈઈઈ કોહલીઈઈઈઈઈપોકારતા ચાહકોથી સ્ટેડીયમ ગુંજી ઉઠે...!

ક્રિકેટ વર્લ્ડકપને હવે કાઈ બહુ વાર છે નહિ એવામાં આઈપીએલ ૨૦૧૯માં ખેલાડીઓને રેસ્ટ લેવા કે આપવા બાબતે ચાલુ થયેલી ચર્ચાઓ વચ્ચે એક વાત એ પણ છે કે વર્લ્ડકપ પહેલા પોતાની ખામીઓને સુધારવાનો અને પોતાની ખૂબીઓને વધુ બહેતર બનાવવાનો આઈપીએલ એક બહેતર મોકો છે એવું આ લખનાર માને છે. નો ડાઉટ ઈજાઓ કોઈપણ ક્રિકેટરની કારકિર્દી માટે વિલન સાબિત થઈ શકે છે એમ હોવા છતાં પણ આઈપીએલનું ફટાફટ વર્ઝન ક્રિકેટરો માટે લર્નિંગ પીરીયડ બની તો શકે જ છે. જો કે વર્લ્ડકપ એરાઉન્ડ ધ કોર્નર છે એવામાં અને લગભગ બધા જ દેશની વર્લ્ડ કપ ઈલેવન ઓલમોસ્ટ નક્કી જ થઈ ગઈ છે એવામાં પણ આઈપીએલમાં થનારા ચોકન્ના પ્રદર્શન પર પસંદીકારોની નજર તો રહેવાની જ...!

આ વખતના આઈપીએલને ઈલેક્શનની ગહેમાંગહેમી કદાચ અસર પાડી શકે છે છતાં પણ ભારતીય ક્રિકેટની આ ફટાફટ ટુર્નામેન્ટ લોકપ્રિય તો છે જ એમાં ના નહિ. ખાસ તો ઉગતા કે આશાસ્પદ ખેલાડીઓ માટે તો આઈપીએલ કુબેરભંડારીની સાથે સાથે રાષ્ટ્રીયટીમના બારણા ખખડાવવાનો એક સોનેરી મોકો પણ છે. જેમ કે કિંગ્સ ઈલેવન પંજાબ દ્વારા ૮.૪ કરોડ જેવી અધધ રકમે ખરીદાયેલ સી. વરુણ. એક ઓવરના છ એ છ દડા અલગ અલગ નાખી શકવાની ક્ષમતા રાખનાર આ મિસ્ટ્રી સ્પિનર પર દેશ અને પસંદીકારો બંનેની નજર રહેવાની તો ૫ કરોડમાં રોયલ ચેલેન્જરે ખરીદેલ શિવમ દુબે, ૪.૮ કરોડમાં પંજાબ દ્વારા રખાયેલ પ્રભસીમરન સિંહ અને રોયલ ચેલેન્જરમાં ૩.૬ કરોડમાં લેવાયેલ આકાશદીપ નાથ પર પણ બધાની નજર રહેશે. એવી જ રીતે બીગબેશ અને હમણાં જ પૂરી થયેલી ભારત-ઓસીઝ સીરીઝમાં સુપેર્બ દેખાવ કરી ચૂકેલ અને માત્ર ૫૦ લાખમાં રાજસ્થાન રોયલ દ્વારા લેવાયેલ ઓસીઝ ડેશિંગ બેટ્સમેન એશ્ટન ટર્નર એકલે હાથે મેચ બદલી શકે છે કે નહિ એ જોવા પણ દર્શકો ઉત્સુક છે..!! સી, આઈપીએલની આ જ મજા છે દર વખતે કોઈ એક કે બે એવા હીરાઓ બહાર આવે છે કે જેની કોઈ નોંધ ટુર્નામેન્ટ શરુ થવા સુધી કોઈએ પણ લીધેલી નથી હોતી...!

આઈપીએલ ૨૦૧૯ ભારતીય ક્રિકેટટીમ માટે પણ અગત્યની છે, નો ડાઉટ કદાચ વર્લ્ડકપના સંભવિત ૧૫ નક્કી થઈ જ ગયા હશે અને જેમ ઓસીઝ સીરીઝ પછી પત્રકાર પરીષદમાં કોહલીએ કહ્યું એમ એકાદ ફેરફાર સાથે અમારી વર્લ્ડકપ ઈલેવન ઓલ્મોસ્ટ નક્કી જ છે છતાં પણ આઈપીએલ ૨૦૧૯માં કોહલીની કેપ્ટનસીની કસોટી અને આકલન તો થવાનું જ. ભલે ને વર્લ્ડ કપ માટે કોહલી જ કેપ્ટન છે જ પણ કેપ્ટનસીની ધાર કાઢવામાં કોહલી અને બોર્ડ બન્ને માટે આ આઈપીએલ એકરીતે આશીર્વાદરૂપ સાબિત થશે એટલું જ નહિ પણ કોહલી પર પણ ચેલેન્જરને એટલીસ્ટ ફાઈનલ સુધી પહોચાડવાનું દબાણ પણ રહેશે જ આવી સ્થિતિમાં કપ્તાની અને ટીમની એઝ એ બેટ્સમેન કોહલી પર વધુ આશાઓ નીચે કોહલી કેવો દેખાવ કરે છે એ જોવું રહ્યું. બિલકુલ એ જ રીતે બુમરાહ, ભુવી અને શામી માટે પણ આ આઈપીએલ અગત્યની રહેશે કેમકે ખરેખર તો આઈપીએલ પહેલા જ સ્ટાર ખેલાડીઓને આરામ આપવાની વાત ચગેલી પણ પૈસા ના સમુંદર એવા આઈપીએલ છોડવું કોને પોસાઈ કે લખલૂટ પૈસા આપ્યા પછી કઈ ફ્રેન્ચાઈઝી એમ કહે કે ના બકા તું તારે આરામ કર...! એટલે આ ત્રણ બોલરો કે જેના પર ઈંગ્લેન્ડની સરજમીન પર વર્લ્ડકપ ખેલાવાનો છે એને કોઈ ઈજા ના થાય કે વર્કલોડ ઓછો આવે એવા પ્રયત્નો કરવાની રીક્વેસ્ટ થઈ ચુકી છે...! જો કે કોહલી કહી ચુક્યો છે કે વર્લ્ડકપને ધ્યાનમાં લઈને એવું બને કે